પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૦૬ | ૬ ઓક્ટોબર, ૨૦૨૨, ગુરૂવાર; આસો સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પ્રધાનમંત્રી મોદીનું શાંતિ માટેનું આહ્વાન

## પુતિનની સાથે વાતચીતનો ઝેલેન્સકીનો સ્પષ્ટ ઈનકાર : મોદીએ ઝેલેન્સકી સાથે વાત કરીને રશિયા-યુક્રેન સંભવિત પરમાણુ યુધ્ધના જોખમથી ચિંતા વધી ગઈ હોવાનું જણાવ્યું

કીવ, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાંતિ આહવાન પર પ્રતિક્રિયા આપતા યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ બુધવારે કહ્યું કે, તેઓ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત નહીં કરશે. પીએમ મોદીએ ગઈકાલે ઝેલેન્સકી સાથે ફોન પર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, રશિયા-યુક્રેન સંભવિત પરમાણુ જોખમથી વિશ્વની ચિંતા વધી ગઈ છે. જો આવું થાય તો તે પર્યાવરણ માટે વિનાશકારી બની શકે છે.

વડાપ્રધાન મોદીએ ઝેલેન્સકી સાથેની વાતચીત દરમિયાન એમ પણ કહ્યું હતું કે, સંઘર્ષનો કોઈ સૈન્ય ઉકેલ ન હોઈ શકે. તેમણે બંને દેશો વચ્ચેના શાંતિ પ્રયાસોમાં યોગદાન આપવા માટે ભારતની તૈયારી દર્શાવી હતી. તેમણે ફરીથી બંને દેશો વચ્ચે દુશ્મનાવટનો અંત લાવવા અને મુત્સદ્દીગીરીના માર્ગે આગળ વધવાની જરૂરિયાત માટે હાકલ કરી હતી.

મોદીની અપીલ પર પ્રતિક્રિયા વ્યક્ત કરતા ઝેલેન્સકીએ એ વાત પર ભાર મૂક્યો કે, આવી પરિસ્થિતિઓમાં યુક્રેન રશિયાના વર્તમાન રાષ્ટ્રપતિ સાથે કોઈ વાતચીત નહીં કરશે. તેમણે એ દાવો કર્યો કે, યુક્રેન હંમેશા વાતચીતના માધ્યમથી શાંતિરૂપૂર્ણ સમાધાન માટે પ્રતિબદ્ધ છે.

ઝેલેન્સકીએ કહ્યું કે, રશિયા ક્યારેય વાતચીત માટે આગળ નથી આવ્યું. તેઓ જાણી જોઈને આ પ્રક્રિયાને નબળી પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રમાં મારા ભાષણ દરમિયાન મેં શાંતિ માટે અમારી સ્પષ્ટ ફોર્મ્યુલાની રૂપરેખા આપી હતી. અમે બંને દેશો વચ્ચે શાંતિ સાથે મળીને કામ કરવા માટે તૈયાર છીએ.

આ દરમિયાન ઝેલેન્સકીએ યુક્રેનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે ભારતના સમર્થન માટે પીએમ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે પીએમ મોદીના નિવેદનને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યું, જેમાં તેમણે કહ્યું કે આ યુદ્ધનો સમય નથી.

બંને નેતાઓએ વૈશ્વિક ખાદ્ય સુરક્ષાના મુદ્દા પર અલગ-અલગ ચર્ચા કરી હતી. ઝેલેન્સકીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, યુક્રેન વિશ્વની ખાદ્ય સુરક્ષાની બાંયધરી આપનાર તરીકે કામ કરવાનું ચાલુ રાખવા તૈયાર છે.

## તેલંગણાના મુખ્યમંત્રીએ ભારત રાષ્ટ્ર સમિતિ નામે નવો પક્ષ લોન્ચ કર્યો

હૈદરાબાદ, તા.૫

તેલંગાણાના મુખ્યમંત્રી અને તેલંગાણા રાષ્ટ્ર સમિતિના અધ્યક્ષ ચંદ્રશેખર રાવ વિજયાદશમી પર્વ એટલે કે, આજે પોતાની રાષ્ટ્રીય પાર્ટીનું એલાન કર્યું છે, જેનું નામ છે ભારત રાષ્ટ્ર સમિતિ. કેન્દ્રમાં બીજેપીની સામે મજબૂત વિપક્ષ ઊભો કરવા માટે કેસીઆર ઘણા લાંબા સમયથી તેની પ્લાનિંગ કરી રહ્યા હતા.

રવિવારે મુખ્ય મંત્રી કેસીઆરે તેમના કેબિનેટ સાથીદારો અને પક્ષના તમામ ૩૩ જિલ્લા અધ્યક્ષો સાથે લંચ બેઠક કરી હતી. આ દરમિયાન રાષ્ટ્રીય પાર્ટીના લોન્ચિંગ માટેના રોડમેપ પર ચર્ચા કરવામાં આવી હતી.

# બાંદ્રા-વર્લી સી-લિંક પર અકસ્માત

## પાંચના મોત : પાંચ વાહનો વચ્ચે થઇ ભયંકર ટક્કર : તાત્કાલિક રાહત કાર્ય શરૂ કરાયું હતું



મુંબઈ, તા.૫

મુંબઈના બાંદ્રા વર્લી સી લિંક પર સવારે ૩.૩૦ વાગ્યે એક દર્દનાક અકસ્માત થયો હતો. અહીં એક પછી એક ૫ વાહનો અથડાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ અકસ્માતમાં કુલ ૫ લોકોના મોત થયા છે. તે જ સમયે, લગભગ ૬ ઘાયલોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બધા બાંદ્રાથી વર્લી જઈ રહ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે પહેલા બે વાહનોને અકસ્માત થયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્તોને સારવાર માટે પહોંચેલી એમ્બ્યુલન્સ સાથે વધુ ત્રણ વાહનો પાછળથી અથડાયા હતા. હાલમાં બાંદ્રાથી વરલીનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે.

આ અકસ્માત એટલો ભયંકર હતો કે પાંચેય વાહનોના ફૂરચા ઉડી ગયા હતા. તે જ સમયે, અકસ્માતની માહિતી મળતાની સાથે જ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તાત્કાલિક રાહત કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પોલીસ સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને હોસ્પિટલ લઈ ગઈ હતી. તમામ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

## બે ભારતીય ફેક્ટ ચેકર્સ નોબલ પુરસ્કાર માટે નોમિનેટ

**પ્રતિક સિંહા ગુજરાતમાં અમદાવાદના વતની છે, નોર્વેની સંસદ અને પીઆરઆઈઓ દ્વારા નામાંકન કરાયું**

નવી દિલ્હી, તા.૫

વર્ષ ૨૦૨૨માં નોબેલ પુરસ્કાર જીતવા માટે નામાંકિત કરાયેલા લોકોમાં ભારતીય ફેક્ટ-ચેકર્સ મોહમ્મદ ઝૂબૈર અને પ્રતિક સિન્હાનો સમાવેશ થાય છે. અલ્ટન્યૂઝના સહ-સ્થાપક પ્રતિક સિંહા અને મોહમ્મદ ઝુબૈર નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરાયેલા લોકોમાં સામેલ છે. જેમાં એક અમદાવાદી દાવેદાર છે. પ્રતિક સિંહા ગુજરાતમાં અમદાવાદના વતની છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મિસ્ટરલ સિન્હા અને ઝૂબૈર ઉપરાંત યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી, સંયુક્ત રાષ્ટ્રની રિફ્યુઝી એજન્સી, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને રશિયામાં વ્લાદિમીર પુતિનના ટિકાકાર અને વિરોધી નેતા એલેક્સી નાવેલનીનું પણ શાંતિ પુરસ્કાર માટે નામાંકન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૨ના નોબેલ શાંતિ પુરસ્કારોની ઘોષણા ઓસ્લોમાં ૭ ઓક્ટોબરના રોજ સ્થાનિક સમય પ્રમાણે સવારે ૧૧:૦૦ વાગ્યે કરવામાં આવશે. વર્ષ ૨૦૨૨ માટે શાંતિ માટે નોબેલ પુરસ્કારોની દોડમાં ૩૪૩ ઉમેદવાર છે. તેમાંથી ૨૫૧ વ્યક્તિ છે અને ૯૨ સંસ્થાન છે.

# કાશ્મીરમાં સેના અને આતંકીઓ વચ્ચે અથડામણમાં જૈસના ૪ આતંકી ઠાર

**દ્રાસમાં ચાલી રહેલા સુરક્ષાદળોના એન્કાઉન્ટરમાં ત્રણ આતંકી ઠાર : સેનાએ SPOની હત્યા કરનારા ૪ આતંકીઓને પતાવી દીધા : ૩ દિવસમાં જ સેનાએ લીધો બદલો**

શોપિયાં, તા.૫

જમ્મુ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં દ્રાસમાં ચાલી રહેલા સુરક્ષાદળોના એન્કાઉન્ટરમાં ત્રણ આતંકી ઠાર થયા છે. આ ત્રણેય આતંકી જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે. આ અથડામણ મંગળવાર સાંજે શરુ થઈ હતી. આ ઉપરાંત મૂલુમાં સુરક્ષાદળ અને આતંકીઓની વચ્ચે અથડામણમાં પણ એક આતંકી માર્યો ગયો છે.

એડીજીપી કશ્મીરે જણાવ્યું છે કે, શોપિયાંના દ્રાસમાં ચાલી રહેલા સુરક્ષાદળો અને આતંકીઓની વચ્ચે અથડામણમાં ત્રણ આતંકી માર્યા ગયા છે. આ ત્રણેય આતંકી સ્થાનિક છે અને જૈશે મોહમ્મદ સંગઠન સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે. ત્યાર બાદ લગભગ બે કલાક પહેલા સુરક્ષાદળો અને આતંકીઓની મુલૂમાં અથડામણ શરુ થઈ છે. અહીં પણ એક આતંકી ઠાર થયો છે. અહીં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે ગોળીબાર હાલમાં પણ ચાલું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, માર્યા ગયેલા બે આતંકી હનાન બિન યાકૂબ અને જમશેદ હાલમાં જ એસપીઓ જાવેદ ડાર અને પશ્ચિમ બંગાળના એક મજૂરની હત્યામાં સામેલ હતા.

આપને જણાવી દઈએ કે, એસપીઓની બત્યા ગત ૨ ઓક્ટોબરના રોજ આતંકીઓએ કરી હતી.

## મુંબઈ ખાતે રિલાયન્સ ફાઉન્ડેશનની એક હોસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**અંબાણી પરિવારને મારી નાખવાની ધમકી આપતો ફોન આવ્યો : રિલાયન્સ હોસ્પિટલની લેન્ડ લાઈન પર ફોન આવ્યો**

મુંબઈ, તા.૫

મુંબઈમાં આજે બપોરે ૧૨.૫૭ વાગ્યે શહેરની એક હોસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી સાથે ફોન આવ્યો ત્યારે હડકંપ મચી ગયો હતો. મુંબઈ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવેદન મુજબ આ ધમકી ભર્યો ફોન સર એચએન રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલની લેન્ડ લાઈન પર આવ્યો હતો. ફોન કરનારે હોસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ કોલ અજાણ્યા નંબર પરથી આવ્યો હતો. ફોન કરનારે અંબાણી પરિવારના કેટલાક સભ્યોના નામ લઈને આ ધમકી આપી હતી. સૂત્રોએ જણાવ્યું કે, ફોન કરનારે મુકેશ અંબાણી અને નીતા અંબાણીને મારી નાખવાની ધમકી પણ આપી હતી. પોલીસે જણાવ્યું છે કે, આ ઘટનામાં ડીબી માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર આ મામલે તપાસ કરવામાં આવી રહી છે.

# હિમાચલપ્રદેશના બિલાસુપરમાં AIIMSનું મોદી દ્વારા ઉદ્‌ઘાટન

**વિજયાદશમીના અવસર પર શુભેચ્છા આપી : વડાપ્રધાને ચૂંટણી માટે શંખનાદ કરતા ૩૬૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યા**

નવી દિલ્હી, તા.૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે હિમાચલ પ્રદેશના બિલાસુપરમાં છૈંસ્જી નું ઉદ્ઘાટન કર્યુ. પીએમ મોદીએ બિલાસપુરથી હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે શંખનાદ કરતા ૩૬૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યા. ત્યારબાદ પીએમ મોદી સાંજે



કુલ્લુ દશેરા સમારોહમાં પણ ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓક્ટોબર ૨૦૧૭માં બિલાસપુર એમ્સનો શિલાન્યાસ કર્યો હતો. કેન્દ્રીય ક્ષેત્રની યોજના-પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષીા યોજના હઠળ તેને સ્થાપિત કરવામાં આવી છે અને ૧૪૭૦ કરોડ રૂપિયા કરતા વધુના ખર્ચે તેનું નિર્માણ થયું છે.

એમ્સનું ઉદ્ઘાટન કર્યા બાદ એક કાર્યક્રમમાં પીએમ મોદીએ સંબોધન કરતા કહ્યું કે તમને બધાને સંપૂર્ણ દેશવાસીઓને વિજયાદશમીના અવસર પર ખુબ ખુબ શુભેચ્છાઓ. આ પાવન પર્વ દરેક બદીને પાર કરતા, અમૃત કાળમાં જે 'પાંચ પ્રણ'નો સંકલ્પ દેશે લીધો છે તેના પર ચાલવા માટે નવી ઉર્જા આપશે. મારું સૌભાગ્ય છે કે વિજયાદશમી પર હિમાચલ પ્રદેશના લોકોને સ્વાસ્થ્ય, શિક્ષણ, રોજગાર, અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટની ભેટ આપવાનો અવસર મળ્યો છે.

## દેશભરના અનેક શહેરોમાં રાવણનું દહન કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૫

વિજયાદશમીના તહેવાર પર દેશભરમાં રાવણનું દહન કરવામાં આવ્યું છે. બિહારથી લઈને પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બિહારની રાજધાની પટનાના ઐતિહાસિક ગાંધી મેદાન પર દશેરાના તહેવાર નિમિતે રાવણ દહન કરવામાં આવ્યું છે.

# આગ્રાની આર મધુરાજ હોસ્પિટલમાં આગથી સંચાલક-પુત્ર-પુત્રીનાં મોત

**આગ લાગવાથી દર્દીઓમાં અફરા-તફરી, દર્દીઓને બહાર કાઢી બીજી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા**

આગ્રા, તા.૫

યુપીના આગ્રા જિલ્લામાં આર મધુરાજ હોસ્પિટલમાં બુધવારે સવારે ભીષણ આગ લાગવાથી દાખલ દર્દીઓ અને કર્મચારીઓમાં અફરા-તફરી મચી જવા પામી હતી. આગની લપેટમાં આવવાથી હોસ્પિટલના સંચાલક ડોક્ટર રાજન સિંહ, તેમનો પુત્ર ઋષિ અને પુત્રી શાલુની મોત થઈ ગયું છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ અધિકારી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. દર્દીઓને હોસ્પિટલમાંથી બહાર કાઢી બીજી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. આર મધુરાજ હોસ્પિટલમાં પહેલા માળે એક રૂમમાં રાખવામાં આવેલા ફોમના ગાદલામાં આગ લાગી ગઈ હતી. એ જ ફ્લોર પર હોસ્પિટલના સંચાલક ડૉ. રાજન, તેમના પિતા ગોપીચંદ, પત્ની મધુરજ, પુત્રી શાલુ, પુત્રો લવ અને ઋષિ તેમજ સંબંધી તેજવીર હતા. ગોપીચંદ અને લવી સવારે ૫:૦૦ વાગ્યે જાગી ગયા ત્યારે તેમણે ગાદલા વાળા રૂમમાં આગ લાગેલી જોઈ.

# અસંતુલનના પરિણામોથી બચવા વ્યાપક જનસંખ્યા પોલીસી જરૂરી છે : ભાગવત

**દશેરાના પર્વ પર આરએસએસના મુખ્યાલય પર શસ્ત્ર પૂજા કરાઈ**

નાગપુર, તા.૫

મહારાષ્ટ્રના નાગપુર ખાતે આવેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલય ખાતે દશેરા પર્વ નિમિત્તે શસ્ત્ર પૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંઘ પ્રમુખ મોહન ભાગવતે દેશમાં ગંભીર મંથન બાદ વ્યાપક જનસંખ્યા પોલિસી લાવવાની જરૂર હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

મોહન ભાગવતે જણાવ્યું હતું કે, જનસંખ્યામાં પ્રમાણનું પણ સંતુલન હોવું જોઈએ, આપણે જનસંખ્યા અસંતુલનના ગંભીર પરિણામો ભોગવ્યા જ છે. એ ૫૦ વર્ષ પહેલા બનેલું પરંતુ આજના સમયે પણ એવું બની જ રહ્યું છે. પૂર્વીય તિમોર નામનો એક નવો દેશ બન્યો, દક્ષિણ સુડાન નામનો એક દેશ બન્યો, કોસોવો બન્યો. જનસંખ્યામાં અંતરના કારણે નવા દેશ બની ગયા, દેશો તૂટી ગયા. જ્યારે બળજબરીથી, છળ-કપટ વડે અને લાલચ ઉપરાંત ઘૂસણખોરીના કારણે જનસંખ્યાની પેટર્ન બદલાય છે. આ સંતુલનનું ધ્યાન રાખવું દેશહિત માટે




અનિવાર્ય છે.

મોહન ભાગવતે જણાવ્યું હતું કે, 'જનસંખ્યા નિયંત્રણની સાથે સાથે ધાર્મિક આધાર પર જનસંખ્યા સંતુલન પણ ખૂબ જ જરૂરી છે. તેને અવગણી ન શકાય. જનસંખ્યાને સંસાધનની જરૂર પડે છે. જો આ સંસાધનો વધાર્યા વગર જનસંખ્યા વધશે તો બોજારૂપ બની જશે.

જો તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો તે સાધન પણ છે. સંપત્તિ પણ છે. કોઈ પણ દેશમાં ૫૭ કરોડ યુવાનો નથી. આપણો પાડોશી દેશ ચીન વૃદ્ધ થઈ ગયો છે પરંતુ આપણે વિચારને સમજવા પડશે.

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
કેપિટલ નર્સિંગ કોલેજ, મોટા ચિલોડા
B.Sc., GNM અને P.B.B.Sc નર્સિંગ પ્રોગ્રામ
(ગુજરાત સરકાર માન્ય)

ટીચિંગ સ્ટાફ જાહેરાત

| ક્રમ નં. | હોદ્દો | જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ | ૧ |
| ૨ | વાઈસ પ્રિન્સીપાલ | ૧ |
| ૩ | એસોસીએટ પ્રોફેસર | ૨ |
| ૪ | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૩ |
| ૫ | ટ્યુટર | ૧૨ |
| ૬ | ક્લાર્ક | ૧ |

- લાયકાત, અનુભવ અને પગાર INC/GNCના નિયમો પ્રમાણે
- રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના અનુભવ અને લાયકાતના પ્રમામપત્રો અરજી સાથે નીચેના સરનામે મોકલવા વિનંતી.

કેપિટલ નર્સિંગ કોલેજ
C/o. ઓમ એજ્યુકેશન કેમ્પસ, ઓમ લેન્ડમાર્ક સ્કુલ અને સવિતાબા ઓમ રાવલ હોસ્પિટલની બાજુમાં, મોટા ચિલોડા, તા.જી. ગાંધીનગર
Mo. No. +91 9687690602, +91, 9727764810
E-Mail : capitalnursingcollege1@gmail.com

ગાંધીનગર સ્ટાર સિંગર એવોર્ડ
ગાંધીનગરમાં પ્રથમવાર ગીત ગાયન સ્પર્ધા
ઈન્ડિયન્સ લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર
નેશનલ ચેરમેન વિઝીટ સમારોહ
પ્રથમ વિજેતાને ગાંધીનગર સ્ટાર સિંગર એવોર્ડ
ઉપરાંત અઘઘ ઈનામોની વણઝાર
ગુજરાત પ્રવાસન નિગમના સહયોગથી
રઢિયાળી રાત પૂનમની..
(ગીત-ગાયન સ્પર્ધા) (ઓરકેસ્ટ્રા અને કેરાઓકે)
સ્પર્ધામાં ભાગ લેવા અને નિયમોની જાણકારી માટે
સંપર્ક : રાધેશ્યામભાઈ યાદવ (નેશનલ જોઈન્ટ સેક્રેટરી) - 97230 23092 અને જ્યોતિબેન મેઘનાની (પ્રોજેક્ટ ડાયરેક્ટર) - 95120 01634